
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૯

## શ્રી મલ્લિનાથ ભગવાન



## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૯

## શ્રી મલ્લિનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**
શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦     મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યુ છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મલ્લિનાથ ઓગણીશમા | શ્રી પદ્મવિજયજી | ૧ |
| મલ્લિ જયંત વિમાનથી | શ્રી વીરવિજયજી | ૧ |
| ચવ્યા જયંત વિમાનથી | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પ્રભુ મલ્લિજિણંદ શાંતિ આપજો | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |
| સેવક કિમ અવગણીયે ? | શ્રી આનંદઘનજી | ૩ |
| તુજ-મુજ રીઝની | શ્રી યશોવિજયજી | ૪ |
| મલ્લિ-જિણેસર ! મુજને તુમ્હે | શ્રી યશોવિજયજી | ૫ |
| મિથિલા નયરી અવતરયોજી | શ્રી યશોવિજયજી | ૬ |
| મલ્લિજિણંદજી વાત | શ્રી ભાણવિજયજી | ૭ |
| મોહન મહેલ બનાય | શ્રી આનંદવર્ધનજી | ૮ |
| મલ્લિજિન જોવા ભણી | શ્રી લક્ષ્મીવિમલજી | ૯ |
| મહિમા મલ્લિ-જિણંદનો | શ્રી માનવિજયજી | ૧૦ |
| મલ્લિ-જિનેસર વંદીયે રે | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૧ |
| શ્રીમલ્લિ-જિણેસર ઉપગારી | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| મલ્લિ તણા ગુણ ગાયવાજી | શ્રી વિનયવિજયજી | ૧૩ |
| મન માની રે મેરે મન માની | શ્રી હરખચંદજી | ૧૪ |
| શ્રીમલ્લિસ્વામીરે, પ્રણમું | શ્રી નયવિજયજી | ૧૪ |
| ધરી કરી આથક જગીસ-વાલા | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| તુજ સરીખો પ્રભુ ! | શ્રી ઉદયરત્નજી | ૧૭ |
| મલ્લિ-જિણંદશ્યું માહરે ર | શ્રી જિનવિજયજી | ૧૭ |
| મલ્લિ-જિનેસર ! ધર્મ તુમ્હારો | શ્રી જિનવિજયજી | ૧૮ |
| જિન અભિનવ આંબો | શ્રી હંસરત્નજી | ૧૯ |
| સુગુરૂ સુણી ઉપદેશ | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| હવે જાણી મલ્લિજિણંદ | શ્રી રામવિજયજી | ૨૧ |
| મિથિલા નયરી રે અવતરીયા | શ્રી રામવિજયજી | ૨૨ |
| સંજમ લેવા મલ્લિ ઉમાહ્યો | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| કૌન રમે ચિત્ત કૌન રમે | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| મલ્લિનાથ મુજ વિનતિજી | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| જી હો ! મલ્લિજિનેસર ! | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| સાહિબા ! મલ્લિજિનેસર ! | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| મલ્લિજિન ત્રિભોવનપતિ | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૭ |
| મલ્લિનાથ મુજ ચિત્ત વસે | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| શ્રી મલ્લિ જિનેશ્વર સાંભળો | શ્રી દાનવિમલજી | ૨૯ |
| ધનધન તે દિન જઇયેં દેખશું | શ્રી વિનીતવિજયજી | ૩૦ |
| મલ્લિનાથજિન મેં થાંપર | શ્રી અમૃતવિજયજી | ૩૧ |
| મલ્લિજિનેસર વંદીયે | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| સુકૃતવલ્લિ-વિતાન વધારવા | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| તુમે તીન ભુવનના સ્વામી | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| નયરી મિથિલાએ રાજતો રે | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| મલ્લિનાથ જગનાથ, ચરણ | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| મલ્લિ જિનેસર ! મોથકી જી | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| પામ્યો અવસર એહ પિછાણો | શ્રી દાનવિજયજી | ૩૭ |
| મલ્લિ-જિનેસર મહિમા-ધારી | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| સેવો ભવિયણ ! મલ્લિ-જિનેસર, | શ્રી કેશરવિમલજી | ૩૮ |
| પ્રભુ મલ્લિ-જિણેસર ભુવન | શ્રી કનકવિજયજી | ૩૯ |
| મલ્લિ જિનેસર દેવ, સેવું | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| ધર્મ કરતાં પાપ જ વલગ | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| જગપતિ ! સાહેબ મલ્લિ-જિણંદ | શ્રી રતનવિજયજી | ૪૩ |
| મલ્લિ-જિનેસર હો કિ, | શ્રી માણેકમુનિજી | ૪૪ |
| મલ્લિ-જિણંદ દયાલ રે | શ્રી દીપવિજયજી | ૪૫ |
| મિથિલા નયરી અ | શ્રી ધર્મકીર્તિગણી | ૪૬ |
| જી રે ! મહિમા મલ્લિ-જિણંદના | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| સેવો મલ્લિ-જિનેસર મન | શ્રી જશવિજયજી | ૪૮ |
| મલ્લિજિનેસર-દેવ ! સાર | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૯ |
| મેરે તુમહી હો સ્વામિ ! | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| મલ્લિ જિણેશર સાહિબારે | શ્રી જગજીવનજી | ૫૦ |

| થોય | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| મલ્લિનાથ મુખચંદ નિહાલું | શ્રી વીરવિજયજી | ૫૨ |
| મલ્લિજિન નમીયે | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રાણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહ્ગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી મલ્લિનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમાં, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી...॥૧॥

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ્ય પચવીશની કાય;
લંછન કળશ મંગલકરૂ, નિર્મમ નિરમાય...॥૨॥

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
**પદ્મવિજય** કહે તેહને, નમતાં શિવસુખ થાય...॥૩॥

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

મલ્લિ જયંત વિમાનથી, મિથિલા નયરી સાર;
અશ્વની યોનિ જયંકરૂ, અશ્વનિએ અવતાર..॥૧॥
સુરગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગી લોક;
છદ્મસ્થા અહોરાતિની, કેવલ વૃક્ષ અશોક..॥૨॥
સમવસરણ બેસી કરીએ, તીર્થ પ્રવર્ત્તન હાર;
**વીર** અચલ સુખને વર્યા, પંચસયાં પરિવાર....॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ વદિ ચઉથ;
માગશર શુદિ અગ્યારશે, જન્મ્યા નિર્ગ્રંથ..।।૧।।
જ્ઞાનલહ્યા એકણ દિને, કલ્યાણક તિન;
ફાગણ વદિ બારશે, લહે, શિવ સદન અદીન..।।૨।।
મલ્લિ જિનેસર નીલડા, ઓગણીશમાં જિનરાજ;
અણપરણ્યા અણભૂપ પદ, ભવજલ તરણ જહાજ..।।૩।।

# શ્રી મલ્લિનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

પ્રભુ મલ્લિજિણંદ શાંતિ આપજો, કાપો મારા ભવોદધિના તાપ રે,
દયાળુ દેવા... મલ્લિજિણંદ શાંતિ આપજો.
અચલ અમલ ને અકલ તું, કષાય મોહ નથી લવલેશ રે..દયાળુ દેવા..૧
વિતરાગ દેવને વંદુ સદા, બાળ બ્રહ્મચારી વિખ્યાત રે..દયાળુ દેવા..૨
સર્પ ડશ્યો છે મને ક્રોધનો, રગે-રગ વ્યાપ્યું છે જેનું વિષ રે..દયાળુ દેવા..૩
માન પત્થર સ્તંભ સારીખો, મને કીધો તેણે જળવાન રે..દયાળુ દેવા..૪
માયા ડાકણ વળગી મને, આપ વિના કોણ છોડવનાર રે..દયાળુ દેવા..૫
લોભ સમુદ્રમાં હું ભમ્યો, હું ભમ્યો છું ભવદુઃખ વાર રે..દયાળુ દેવા..૬
આપ શરણ હવે આવીયો, રક્ષણ કરો મુજ જગનાથ રે..દયાળુ દેવા..૭
અરજી આ બાલની સ્વીકારજો,જ્ઞાનવિમલ લેજો બાલ હાથ રે..દયાળુ દેવા..૮

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

### (રાગ કાફી મુજને કિમ અવગણીએ ? હો-એ દેશી)

સેવક કિમ અવગણીયે ? હો, **મલ્લિજિન** ! એ અબ શોભા સારી ।
[1]અવર જેહનેં આદર અતિ દિયેં, તેહને મૂલથી નિવારી હો ! મલ્લિ૦॥૧॥
જ્ઞાન-સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તુમે તાણી ।
જુઓ અ-જ્ઞાનદશા રીસાઇ, જાતાં કાણ ન આણી ? હો ! મલ્લિ૦॥૨॥
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય[2] અવસ્થા આવી ।
નિદ્રા-સુપનદશા રીસાણી, જાણી ન નાથ ! મનાવી-હો ! મલ્લિ૦॥૩॥
સમકિત સાથે સગાઈ કીધી સુ-પરિવારશું ગાઢી ।
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી-હો ! મલ્લિ૦॥૪॥
હાસ્ય-અરતિ-રતિ-શોગ-દુગંચ્છા, ભય પામર કરસાલી[3] ।
નો-કષાય શ્રેણી-ગજ[4] ચઢતાં, [5]શ્વાનતણી ગતિ ઝાલી-હો ! મલ્લિ૦॥૫॥
રાગ-દ્વેષ અ-વિરતિની પરિણતિ, એ ચરણ-મોહના યોધા ।
વીતરાગ-પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા[6]-હો ! મલ્લિ૦॥૬॥
વેદોદય-કામ-પરિણામા, કામ્ય[7]-કરમ સહુ ત્યાગી ।
નિ:કામી કરૂણા-રસ-સાગર, અનંત-ચતુષ્ક પદ પાગી-હો ! મલ્લિ૦॥૭॥
દાન-વિઘન વારી સહુ જનને, અભય-દાન પદદાતા ।
લાભ[8] વિઘન જગ વિઘન નિવારી, પરમ લાભ-રસ-માતા-હો ! મલ્લિ૦॥૮॥
વીર્ય વિઘન પંડિત વીર્યે હણયો, પૂરણ પદવી યોગી ।
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી-હો ! મલ્લિ૦ ॥૯॥

ઈમ અઢાર વર્જિત તનુ, મુનિજન-વૃંદે ગાયા ।
અ-વિરતિ-રૂપક-દોષ-નિરૂપણ, નિર્દૂષણ-મન ભાયા-હો ! મલ્લિ૦ ॥૧૦॥
ઈણ વિધિ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ભાવે ।
દીન-બંધુની મહેર નજરથી, **આનંદઘન**-પદ પાવે-હો ! મલ્લિ૦ ॥૧૧॥

---

૧.બીજા લોકો જે = દોષોને = ખૂબ આદર આપે છે. તે બધાને તમે મૂળથી દૂર કર્યા છે. ૨.પ્રથમ ગાતાના ઉતરાર્દ્ધનો અર્થ-વિશિષ્ટ શુધ્ધ અપ્રમત્તદશાના બળે કેળવાયેલી આત્માની શુદ્ધ સહજાવસ્થાની પરિણતિ ૩. દેશી શબ્દ લાગે છે. પ્રસંગ ઉપરથી "કષ્ટ આપનારા" એવો અર્થ ભાસે છે ૪. શ્રેણિરૂપ હાથી પર ચડયે છતે ૫. કુતરી જેવા (નવ નોકષાયો) ૬. વિવેકશૂન્ય ૭. ઈચ્છા-વાસનાજન્ય બધી પ્રવૃત્તિઓ ૮. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યરૂપ ચાર પદાર્થને પ્રાપ્ત કરનાર

## કર્તા :ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (નાભીરાયકે બાર-એ દેશી)

તુજ-મુજ રીઝની[૧] રીઝ[૨], અટપટ[૩] એહ ખરીરી
લટપટ નાવે કામ, ખટપટ-ભાંજ પરીરી...(૧)
**મલ્લિનાથ** તુજ[૪] રીઝ, જન-રીઝે[૫] ન હુયેંરી
દો ! એ રીઝણનો ઉપાય, સાહમું કાંઈ ન જુયેરી...(૨)
દુરારાધ્ય[૬] છે લોક, સહુને સમ[૭] ન (શશીરી) સરીરી
એક[૮] દુહવાએ ગાઢ,એક જો બોલે હસીરી...(૩)
લોક-લોકોત્તર વાત, રીઝ[૯] દોઈ જુઈરી;
તાત[૧૦] - ચક્રધર પૂજ, ચિંતા એહ હુઈરી...(૪)
રીઝવવો એક સાંઈ[૧૧] લોક તે વાત કરિરી
**શ્રીનયવિજય** સુ-શીશ, એહજ ચિત્ત ધરીરી...(૫)

૧. પ્રસન્નતા ૨. પ્રેમ ૩. ગૂંચ ૪. તમારી-પ્રભુની પ્રસન્નતા, પરલોકની પ્રસન્નતાથી ૬. દુઃખેકરીને રાજ રાખી શકાય ૭. બધા શરીર=પ્રાણીઓ સમ=સરખા હોઈ શકતા નથી, બીજો અર્થ-રાશી=ચંદ્ર બધાને સરખો નથી હોતો, કોઈને બારમો પણ હોય છે ૮. એક ખૂબ દુઃખી થાય ૯. પ્રસન્નતાની રીતો જુદી છે ૧૦. ભરત ચક્રીને પિતાજી તીર્થંકરના કેવળજ્ઞાન અને ચક્ર રત્નની પૂજા સમકાળે ચિંતાનો વિષય બની

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઢાળ રસિયાની)

મલ્લિ-જિણેસર ! મુજને તુમ્હે મિલ્યા, જેહમાંહિ[૧] સુખકંદ-વાલ્હેસર
તે કળિયુગ અમ્હે ગિરૂઓ લેખવું, નવિ બીજા યુગ-વૃંદ[૨]-વાલ્હેસર
-મલ્લિ૦(૧)

આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દરિશણ દીઠ—વાલ્હે૦
મરૂભૂમિ[૩] પણ થિતિ[૪] સુરતરૂ[૫]-તણી, મેરૂ થકી હુઈ ઈઠ[૬]- વાલ્હે૦
-મલ્લિ૦(૨)

પંચમ-આરે રે તુમ મેલાવડે[૭], રૂડો[૮] રાખ્યો રે રંગ-વાલ્હે૦
ચોથો આરો રે ફિરી આવ્યો ગણું, વાચક જશ કહે ચંગ[૯]—વાલ્હે૦
-મલ્લિ૦ (૩)

૧. જે કાળમાં ૨. બીજા કાળના સમૂહ ૩. મારવાડ ૪. હાજરી ૫. કલ્પવૃક્ષની ૬. સારી ૭. સમાગમથી ૮. સારો ૯. સુંદર

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(પ્રથમ ગોવાળા તણે ભવેજી-એ દેશી)

મિથિલા નયરી અવતર્યોજી, કુંભ નૃપતિ કુળ-ભાણ[1]
રાણી પ્રભાવતી ઉદર ધર્યોજી, પચવીશ ધનુષ પ્રમાણ
ભવિકજન ! વંદો મલ્લિજિણંદ, જિમ હોવે પરમાનંદ—ભવિક૦(૧)

લંછન કલશ વિરાજતોજી, નીલ વરણ તનુ કાંતિ
સંયમ લીયેં શત ત્રણશ્યુંજી, ભાંજે ભવની ભ્રાંતિ[2] —ભવિક૦(૨)

વર્ષ પંચાવન સહસનુંજી, પાળીએ પૂરણ આય[3]
**સમેતશિખર** શિવ પદ લહ્યુંજી, સુર-કિંનર ગુણ ગાય—ભવિક૦(૩)

સહસ પંચાવન સાહુણીજી, મુનિ ચાલીશ હજાર
વૈરોટયા સેવા કરેજી; યક્ષ કુબેર ઉદાર—ભવિક૦(૪)

મૂરતિ મોહન-વેલડીજી, મોહેં જગ-જન જાણ;
શ્રી **નયવિજય** સુ-શીશનેજી, દિયે પ્રભુ કોડિ-કલ્યાણ —ભવિક૦(૫)

---

૧. કુળમાં સૂર્ય સમાન ૨. ભ્રમણા = ભટકવું ૩. આયુ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (રામચંદ્રકે બાગ ચાંપો મોહરી રહ્યોરી-એ દેશી)

મલ્લિજિણંદજી વાત, ક્યું તુમ સુણો ! ન મેરીરી ?
જબ દરિસણ[૧] દેખો તોય, તબ મેરી ગરજ સરેરી૦(૧)

અબ મુજથી ડરે સોય, અષ્ટ[૨]-કરમ-વયરીરી
શુભમતિ જાગીય જોય, દુરમતિ મોંસે[૩]—ડરીરી૦(૨)

અબ પ્રગટયો મુજ ચિત્ત, અનુભવ સૂર[૪] સમોરી
તવ લહ્યો[૫] દેવ-કુદેવ, દૂર દૂર ધ્યાન થમ્યોરી[૬]૦(૩)

લગન[૭] લગી તો સાથ, અબ ક્યું સંગ તજુંરી
તુમ ચરણે[૮] લપટાય, રહી તો નામ ભજુરી૦(૪)

પ્રસન્ન હોજયો મોય; એહ હું અરજ કરુંરી
**પ્રેમવિબુધ ભાણ** એમ; કહે તુમ આનંદ ધરુંરી૦(૫)

---

૧. આંખથી ૨. આઠ કર્મરૂપ વૈરી=દુશ્મન ૩. મારાથી ૪. સૂર્ય ૫. સમજયો ૬. અટક્યું ૭. અંતરંગ પ્રેમ ૮. વળગી રહી

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(રાગ-ગોડી)

મોહન[1] મહેલ બનાય, મૂરતિ કનક[2] રચીરી
ઉત્સવ બરની ન જાય, યૌવન રૂપ મચીરી....(૧)

પૂરવ-ભવકે મિત્ત, આએ છેહ રાજારી
હયવર-ગયવર કોડ, પાયક[3] રથ તાજારી....(૨)

મોહન[4]-મૂરતિ સંગ, પ્રતિબુઝે નૃપતીરી
પૂરવ-ભવકી પ્રીતિ, તપ-સંઘાત પ્રતીરી....(૩)

મલ્લી મહીરી રૂખ, ત્રિભુવન-નાથ ભઈરી
અજબ કરમડી રેખ અંત લગે નિબહિરી....(૪)

ઉલસત અંગોઅંગ, પ્રભુજીકોં નામ લિયેરી
આનંદ વદન સુરંગ, મનકું મગન કિયેરી....(૫)

---

૧. સુંદર ૨. સોનાની ૩. પાયદળ સૈન્ય ૪. સુંદર સોનાની બનાવી રાખેલ મૂર્તિ (અંદર વિવિધ મિષ્ટાન્ન નાંખી કહોવાટવાળી)ના લીધે ૫. સ્ત્રી રૂપે

ઓગણીશમા તીર્થંકર **શ્રી મલ્લિનાથ** પ્રભુએ પોતાને પરણવા આવનાર પૂર્વભવના છ રાજાઓને પ્રતિબોધ કરવા જે યોજના કરેલ, તેનું વર્ણન આ સ્તવનમાં છે.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (દાન સુપાત્ર દીજીઈ-એ દેશી)

મલ્લિજિન જોવા ભણી, અધિક થયો ઉછાહોરે[1]
માર-ચોરને[2] ભેદવા, પેહરી શીલ-સન્નાહોરે[3]
નામ તુમારૂં હો લીજીયે૦ (૧)

ભવ-અટવી મોટી પડી, ધ્યાન-જપે જપમાળી રે
ઉપશમ-રસ નદી ભરી, આગમ-પંથે વાળીએ રે—નામ૦(૨)

સમક્તિ ભટ સાથે લેઈ, સંયમ-શંબળ[4] સારો રે
પંડિત-વીર્ય ધીરજ ધરી, ટાળી મોહ સવારો રે—નામ૦(૩)

શુદ્ધ-વ્યવહાર નયરી ઠવે, બાહિર ચોકી ચંગ રે
નિશ્ચય-નયની જાણીયેં, ચતુર ભલી અંતરંગ રે—નામ૦(૪)

અનુભવહર્મ્ય[5] માસંલો[6] વાધે સેવક-વાનો રે
દોય ઘડી મસલત[7]કરી, થાપો આપ-સમાનો રે—નામ૦(૫)

ગુણ કદી ન વિસારીયેં, રાત-દિવસ સંભારૂં રે
**કીર્ત્તિ** વાધી તુમ તણી, **લક્ષ્મી** કહે મન ધારું રે—નામ૦(૬)

---

૧. ઉત્સાહ ૨. કામરૂપી ચોરને ૩. શીયળરૂપ બખ્તર ૪. ભાથું ૫. અનુભવરૂપ હવેલી ૬. સારી ૭. મંત્રણા-વિચારણા

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (સાસુ પૂછે હે વહુ-એ દેશી)

મહિમા **મલ્લિ**-જિણંદનો, એક જીભે કહ્યો કિમ જાય
યોગ[૧] ધરે ભિન્ન[૨] યોગશું[૩], ચાળા[૪] પણ યોગની દેખાય—મહિમા૦(૧)

વયણે[૫] સમજાવે સભા, મન[૬] સમજાવે અનુત્તર દેવ
ઔદારિક કાયા  પ્રતે, દેવ-સમીપે કરાવે સેવ—મહિમા૦(૨)

ભાષા પણ સવિ શ્રોતાને, નિજ-નિજ ભાષાયે સમજાય
હરખે નિજનિજ રીઝમાં, પ્રભુ તો નિરવિકાર કહાય—મહિમા૦(૩)

યોગ અવસ્થા જિનતણી, જ્ઞાતા હુયે તિણે સમજાય
ચતુરની વાત ચતુર લહે, મૂઢ બિચારા દેખી મુંઝાય—મહિમા૦(૪)

મૂરખ જન પામે નહિ, પ્રભુ-ગુણનો અનુભવ રસસ્વાદ
**માનવિજય** ઉવજ્ઝાયને, તે રસ-સ્વાદે ગયો વિખવાદ—મહિમા૦(૫)

---

૧. મોક્ષ પ્રાપક યોગ ૨. વિલક્ષણ ૩. બીજાના યોગક સર્ગ ૪. શૈલી ૫. પાંત્રીશ ગુણવાળી વાણીથી ૬. વિશિષ્ટ દ્રવ્યમનના પ્રયોગથી

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

(ઈડર આંબા આંબલી રે-એ દેશી)

**મલ્લિ-જિનેસર** વંદીયે રે;[1] પ્રહ-ઉગમતે સૂર;
મલ્લી-[2]કુસુમ પરે વિસ્તર્યો રે; મહિમા અતિય હનૂર
ચતુર નર ! સેવો શ્રી જિનરાય; કુમરી રૂપે થાય—ચતુર૦(૧)

કુંભ-થકી[3] જે ઉપનોરે ; જે મુનિવર કહેવાય;
તે ભવ-જલનિધિ શોષવેરે; અચરિજ એહ કહાય—ચતુર૦(૨)

લંછન મિસિ[4] સેવે સદા રે, પૂર્ણ-કલશ તુમ પાય;
તે તારક-ગુણ કુંભમાં રે; આજ લગે કહેવાય—ચતુર૦(૩)

માંગલિકમાં તે ભણી રે; થાપે કલશ મંડાણ;
શ્રી જિન-સેવાથી હોયે રે; આયતિ[5] કોડિ-કલ્યાણ—ચતુર૦(૪)
પરમાતમ સુખ સાગરૂ રે; આગર ગુણનો એહ;
જગ જયવંતા જાણીયે રે; **જ્ઞાનવિમલ** કહે તેહ—ચતુર૦(૫)

૧. સવારે ૨. મોગરાના ફૂલની જેમ ૩. પ્રભુજીના પિતાજીનું નામ છે ૪. બહાનાથી ૫. ભવિષ્યમાં

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ નટ-મહાવીર મેરો લાલન-એ દેશી)

શ્રીમલ્લિ - જિણેસર ઉપગારી,
ઓગણીસમો તીર્થંકર સોહે, જનમ થકી જે બ્રહ્મચારી–શ્રી૦(૧)

મિથિલાનગરી કુંભનરેસર, પ્રભાવતી તસ વર નારી
તસ કુખે અવતાર હુઓ જસ, સયલ-જંતુ-દુખ અપહારી-શ્રી૦(૨)

અંગને[૧] રંગે[૨] ગંધ તરંગે, નીલકમલ વન જયકારી
પંચવીસ ધનુ ઉન્નત નિરુપમ[૩]-રૂપ- વિરાજિત તનુ ધારી–શ્રી૦(૩)

સહસ પંચાવન વરસ સુજીવિત, વંશ ઈક્ષાગ અવતારી
કુબેર સુર વૈરાટયા દેવી, જસ સેવા સારે સારી–શ્રી૦(૪)

લંછન રૂપે જેહને સેવે, કામકુંભ શુભ અનુસારી
ભાવ કહે સેવકને તે જિન, કરજયો શિવસુખ-અધિકારી–શ્રી૦(૫)

---

૧. શરીરની ૨. છાયાથી ૩. અપૂર્વરૂપથી શોભતા

## કર્તા : પૂ.શ્રી વિનયવિજયજી મ.

(મ્હારા ગુરુજી ! તુમ હશ્યું ધરમસનેહ-એ દેશી)

**મલ્લિ** તણા ગુણ ગાયવાજી, ઉલટ[1] અંગે થાય
ઉત્કંઠા અધિકી હુયેંજી, હિયડું હરખે ભરાય
સુણિજી[2] ખિણ મન આણો ઠામ,
સમરો પ્રભુનું નામ, જિમ સીઝે તુમ કામ—સુણિજી૦(૧)
**કુંભરાય** કુળદીપિકા રે, દીપાવી સ્ત્રીજાત
સુર-નર પતિ સેવા કરે રે, મોટી અચરિજ વાત—સુણિજી૦(૨)
કરી સોવનની પુતલી રે, માંહિ મુકાવીયો આહાર
પૂરવ મિત્ર સમઝાવીયા રે, તે દેખાડી વિકાર—સુણિજી૦(૩)
તિમ અમ્હનેં પ્રતિબોધવાજી, માંડો કોઈ ઉપાય
વિનય કહે પ્રભુ ! તિમ કરોજી, જિમ અમ્હ મોહ પલાય[3]—સુણિજી૦(૪)

૧. હર્ષ ૨. સાંભળો ૩. ભાગે

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-નટ)

મન માની રે મેરે મન માની, **મલ્લિનાથકી** મૂરતી[1] –મન૦
કુંભનૃપતિકે નંદ આનંદન, માત **પ્રભાવતી** રાની–મન૦(૧)
ધનુષ પચીસ ઉંચપણે કાયા, નીલબરન ગુણમણિખાની
લંછન કલશ જનમ હથિનાપુર, તારે કરૂણાનિધિ કેવલજ્ઞાની –મન૦(૨)
પચપન સહસ પ્રમાણ વર્ષ થિતિ, તારે બહુત ભવિકજન પ્રાની
જૈન ધરમ પ્રકાશ કીયો પ્રભુ, દુરગતિ દુઃખ દૂર ભગાની –મન૦(૩)
ઔર દેવ દિલમાંહી ન ધ્યાઉં મેં, અપને જીય ઈહ[2] ઠાની[3]
**હરખચંદ** સેવકકી લજ્જા રાખો પ્રભુ અપનો જાની–મન૦(૪)

૧. સ્વરૂપ ચહેરો ૨. અહીં =પ્રભુમાં ૩. સ્થિર કરેલ છે.

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(ઢાળ-મુજ લાજ વધારો રે-એ દેશી)

**શ્રીમલ્લિસ્વામીરે**, પ્રણમું શિરનામીરે
મેં પુણ્યેં પામી, સેવા તુમ્હતણીરે.........(૧)

પ્રગટયાં મુજ પુણ્ય રે હું માનું ધન્યરે
જો મેં કૃતપુણ્ય[1] તું સાહિબ પામીઓ રે..........(૨)

પામ્યો સુખ પૂરરે, ગયા દુશ્મન દૂર રે
સહજ-સનૂર[2] તું મેં ભેટિઓ રે.........(૩)

નિરખી પ્રભુ નિત્તારે[3] હરખે મુજ ચિત્તારે
જેમ મિત્રા[4] પકંજવન હસે રે.........(૪)

પ્રભુ શું બહુ નેહારે, જિમ મોરા મેહારે
સાહિબ સસનેહારે કેતુ[5] તે કહું રે.........(૫)

જાણી નિજ દાસરે પૂરો મુજ આશરે
આપો સુવિલાસ એ બોધિબીજનો રે.........(૬)

જ્ઞાનવિજય બુધ શીસરે, વિનવે જગદીશ રે
હોજો પ્રભુ ! ઈશ તું ભવભવ માહરો રે.........(૭)

---

૧. ઉત્તમ ૨. સાહજિક સુંદર ૩. નેત્ર=આંખ ૪. સૂર્યથી ૫. કેટલું

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

ધરી કરી આથક જગીસ-વાલા મારા, સરસ સુહાઈ પ્રભુજી,
મોરે મનિ ભાઈ પ્રભુજી ! પ્રીતડી પરમ ચતુર તુજ જાણિંને,
પ્રભુજી ! સેવ્યો વિસવાવીસ, વાલા મારા સરસ મોરે૦ પ્રીતડી૦(૧)

પ્રભુજી ! કૃપા કરો કિંકર પ્રતિ,
પ્રભુજી ! સાચા કહાવો સંત—વાલા૦ કયું બ[1]ગસીસ કીધી હુવૈ
પ્રભુજી ! તો ભાખો થેં ભગવંત વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦(૨)

પ્રભુજી ! સેવક તો સેવા વિષૈ,
પ્રભુજી ! ચૂકે નહિ લગાર—વાલા મારા૦ માંગ્યા મુહ મચકોડીને
પ્રભુજી ! આવૈં કિમ અતિ[2]વાર[3] ? વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦(૩)

પ્રભુજી ! મૌજૈ મુગતિ-પુરી દિયૈ, પ્રભુજી ! રીઝઈ સમ-રસ ભાવ-વાલા૦
પ્રભુજી ! અમચી[૪] વિરિયાં[૫] આલસો,
પ્રભુજી ! કુણ કહે હાથીનૈ હરિ આવ, વાલા૦ સરસ૦ મોરૈં૦ પ્રીતડી૦(૪)

પ્રભુજી ! ખિજમતી કીયાં જે દિયૈં, પ્રભુજી ! ઈણ મૈં સ્યો ઉપગાર વાલા૦
પ્રભુજી ! યાદ કરીને આપસૂં[૬]
પ્રભુજી ! દેવૈ સો દાતાર વાલા૦ સરસ૦ મોરે૦ પ્રીતડી૦(૫)

પ્રભુજી ! સુપંનતરમૈ સાસતા, પ્રભુજી ! મિલો અછો મહારાજ—વાલા૦
પ્રભુજી ! તો પિણ આયો ઉમહી,
પ્રભુજી ! સેવા કાજ—વાલા૦સરસ૦મોરે૦ પ્રીતડી૦(૬)
પ્રભુજી ! જો[૭] અપણાયત જાંણસ્યો, પ્રભુજી ! તો પૂરવસ્યો[૮] આસ[૯]—વાલા૦
પ્રભુજી ! કેડિ[૧૦] લાગા તે કેમ રહૈ,
પ્રભુજી! દીયૈ[૧૧] વિગરિ દિલાસ-વાલા૦રસ૦મોરે-પ્રીતડી૦(૭)
પ્રભુજી ! એ નુખતો **મલ્લિનાથજી**,
પ્રભુજી ! જો કસ્યો ધરિ પ્યાર—વાલા૦ પ્રભુજી ! **ઋષભસાગર** નવિ ભૂલસી,
પ્રભુજી ! એ તુમચો ઉપગાર -વાલ૦ રસ૦ મોરે ૦ પ્રીતડી૦(૮)

---

૧. ભેટ ૨. ઘણું ૩. મોડું ૪. અમારી ૫. વખતે ૬. પોતાની મેળે ૭. પોતાનો ૮. પૂર્ણ કરશો ૯. આશાઓ ૧૦. પાછળ પડેલા ૧૧. આવ્યા વગર

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

તુજ સરીખો પ્રભુ ! તું જ દીસે, જોતાં ઘરમાં રે
અવર દેવ કુણ એહવો બળીયો, હરિ હરમાં રે—તુજ૦(૧)
તાહરા અંગનો લટકો મટકો, નારી નરમાં રે
મહીમંડલમાં કોઈ નાવે, માહરા હરમાં રે—તુજ૦(૨)
મલ્લિજિન આવીને માહરા, મનમંદિરમાં રે
ઉદયરત્ન પ્રભુ ! આવી વસો, તું નજરમાં રે—તુજ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (વર્દ્ધમાન જિનરાયારે-એ દેશી)

મલ્લિ-જિણંદશ્યું માહરે રે, અવિહડ ધર્મસનેહ રે મન૦
વસિઆ દિન દિન તેહ ચઢતે-રસે રે
ઉજળ[૧]-પખિ શશિ[૨]-રેહરે,—ગુણરસીઆ૦(૧)
તે હવે ટળવાનો નહિરે, રંગ મજીઠી જેમ રે-મન૦
ત્રાંબુ જે રસ[૩] વેંધીઉરે, તે સહી સાચું હેમ[૪]રે—ગુણ૦ (૨)
કુંભ-નરેશર-નંદનોરે, ભવસાયર કરે શોષ રે—મન૦
એ સહી જુગતું જાણીયે રે, કરશ્યું ગુણનો પોષ રે-ગુણ૦ (૩)
લંછન[૫] મિસી તુમ્હ પદ-કજેરે, કામ કળશ રહ્યો ધન્યરે—મન૦
તારક શક્તિ તિણે થઈ રે, જેહને પ્રભુ સુપ્રસન્નરે—ગુણ૦ (૪)
અળગો તું ભવ-સિંધુથીરે, તારો ભવિજન વૃંદરે—મન૦
રાગાદિક શત્રુ હણો રે, તોયે શમતરૂ-કંદરે—ગુણ૦(૫)

માગશિર સુદી એકાદશી રે, પાવન ત્રણ કલ્યાણ રે-મન૦
પણસય સાધવી-સાધુશ્યું રે, **સમેતશિખર** નિર્વાણ રે–ગુણ૦(૬)
દૂર થકી પણ પ્રીતડી રે, જલ પંકજ નભ ભાણ રે-મન૦
**ક્ષમાવિજય** ગુરૂ નામથી રે, કવિજન કોડી કલ્યાણ રે–ગુણ૦(૭)

---

૧. શુકલ પક્ષનો ૨. ચંદ્રની કળા ૩. સોનું બનાવનાર રસથી ૪. સોનું ૫. બહાને

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (સુણ બેહેની પિઉડો પરદેશી-એ દેશી)

**મલ્લિ-જિનેસર !** ધર્મ તુમ્હારો, સાદિ-અનંત સ્વભાવજી
લોકાલોક[1]-વિશ્લેષાભાસણ, જ્ઞાનાવરણી અભાવજી–મલ્લિ૦(૧)

એક નિત્યને સઘળે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી
બીયાવરણ[2] અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી–મલ્લિ૦(૨)

આતમ એક અસંખ્ય પ્રદેશી, અવ્યાબાધ અનંતજી
વેદની-વિનાશે માયે, લોકે દ્રવ્ય મહંતજી–મલ્લિ૦(૩)

મોહનીય-ક્ષયથી ક્ષાયિકસમક્તિ, યથાખ્યાત ચારિત્રજી
વીતરાગતા રમણો આયુ-ક્ષય અક્ષય-થિતિ નિત્યજી–મલ્લિ૦(૪)

પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનૂપજી
વર્ણ ગંધ રસ ફાસે વર્જિત, અતીંદ્રિય-સરૂપજી–મલ્લિ૦(૫)

અગુરૂલઘુ ગુણ ગોત્ર-અભાવે, નહી હલુવા નહી ભારેજી
અંતરાય-વિજયથી દાનાદિક-લબ્ધિ ભંડારજી–મલ્લિ૦(૬)

ચેતન સમતાયેં મુજ સત્તા, પરકી પ્રભુપદ પામીજી
આરીસો કાટેં[3] અવરાણો[4], મળ નાશ નિજ ધામજી—મલ્લિ૦(૭)

સંગ્રહનય જે આતમસત્તા, કરવા એવંભૂતજી
**ક્ષમાવિજય-જિન પદ અવલંબી, સુરનર મુનિ પુહુતજી—મલ્લિ૦(૮)**

---

૧. લોકાલોકને વિશેષથી જોનાર ૨. બીજા દર્શનાવરણીયના ૩. મલેથી ૪. અવરાયો=મેલો થયેલ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (ઘેર આવોજી આંબો મોરીયો-એ દેશી)

જિન અભિનવ આંબો[1] મોરીયો, જેહની શિતલ ત્રિભુવન છાંહિ,
હાંજી ! અમલ[2]ધવલ જસ જેહનો,
પરિમલ[3]મહેકે જગમાંહિં, એ તો અભિનવ આંબો મોરીયો....(૧)

હાંજી ! સહિજ વસંત વાસે વસ્યો, ગુણ પલ્લવ ગહિર[4] ગંભીર
હાંજી ! મહિર[5] લહિર શીતલ જિહાં, વાએ અતિ સુરભિ સમીર—એ૦ ૨)

હાંજી ! પ્રેર્યા પરિમલને બળે, સુર નર મધુકર[6] અણુહાર[7]
હાંજી ! મંજરી મકરંદે મોહિયા, ચિહું પાસે કરે ઝંકાર—એ૦(૩)

હાંજી ! દૃઢ ધીરજ જડ જેહની, અગણિત શાખા સમુદાય
હાંજી વળી કોકીલ પરિ કલકલ કરે, ગણધર ગણ તેણે ઠાય—એ૦(૪)

હાંજી ! ભવ દુઃખ તાપે તાપવ્યા, કરવા શીતલ નિજ અંગ,
હાંજી ! આવીને અવલંબિયા, ભવિજન જિહાં વિવિધ[8] વિહંગ—એ૦(૫)

હાંજી ! નવ કિસલય[૯] દળ સારિખી, છબી જેહની નીલવાન
હાંજી ! **મલ્લિજનિસેર** મુજ મને, જંગમ સુરવૃક્ષ સમાન–એ૦(૬)
હાંજી અજર અમર ફળે કરી, તું સફળ ફળ્યો ફળવાન,
કહે **હંસરત્ન** હવે સાહિબા, મુજ આપો ઇચ્છિતદાન–એ૦(૭)

૧. ફલ્યો ૨. નિર્મળ ૩. સુગંધ ૪. ઊંડો ૫. કરુણા ૬. ભમરા ૭. જેવા ૮. પક્ષી ૯. કોમલ પાંદડાં

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (થારા મોહ લાઉ–એ દેશી)

સુગુરૂ સુણી ઉપદેશ, ધ્યાયો દિલમેં ધરી હો લાલ-ધ્યા૦
કીધી ભગતિ અનંત, ચવી[૧] ચવી ચાતુરી હો લાલ, ચવી૦
સેવ્યો રે વિસવાવીશ, ઉલટ ધરી ઉલસ્યો હો લાલ-ઉ૦
દીઠો નવિ દિદાર, કાન કિણહી લાગ્યો હો લાલ-કાન૦(૧)
પરમેસર શું પ્રીત, કહો કીમ કીજીયેં હો લાલ-કહો૦
નિમેષ[૨] ન મેળે મીટ[૩], દોષ કીણ દીજીયે હો લાલ-દોષ૦
કોણ કરે તકસીર[૪], સેવામાં સાહીબા હો લાલ-સેવા૦
કીજે ન છોકરવાદ ભગત ભરમાયવા હો લાલ-ભગત૦(૨)
જાણ્યું તમારું જાણ, પુરુષના પારખો હો લાલ-પુરુષ૦
સુગુણ-નિગુણનો રાહ[૫], કર્યો શ્યું સારીખો લાલ-કર્યો૦
દીધો દીલાસો દીન-દયાળ કહાવશો હો લાલ-દયાળ
કરૂણા-રસભંડાર, બિરૂદ કેમ પાળશ્યો ? હો લાલ–બિ૦(૩)
શ્યું નિવસ્યા તુમે સિદ્ધ, સેવકને અવગણી હો લાલ-સે૦
દાખો અવિહડ પ્રીત, જાવા દ્યો ભોળામણી હો લાલ-જા૦

જાજો કોઈ રાખે રાગ, નિરાગ મ રાખીએ હો લાલ-નિ૦
ગુણ-અવગુણની વાત, કહી પ્રભુ ! ભાખીએ હો—કદી૦(૪)
અમચા દોષ હજાર, તિકે[6] મત ભાળજ્યો હો લાલ-તિકે૦
તુમે છો ચતુર સુજાણ, પ્રીતમ ગુણ પાળજ્યો હો લાલ-પ્રી૦
મલ્લિનાથ મહારાજ, મ રાખો અંતરો હો-મ૦
દ્યો દરિશણ દિલધાર, મિટે જ્યું આંતરો હો—મિટે૦(૫)
મનમંદિર મહારાજ, વિરાજે દિલ મળી હો-વિરાજે૦
ચંદ્રાતપ[7] જિકા કમળ[8] હૃદય વિકસે કળી હો-હૃદય૦
કવિ **રૂપ**-વિબુધ સુપસાય, કરો અમ રંગરળી હો-કરો૦
કહે **મોહન** કવિરાય સફળ આશા ફળી હો—સફળ૦(૬)

---

૧. દેશી શબ્દ છે, સંદર્ભ ગતિથી "કરી કરીને" અર્થ લાગે છે ૨. પલકારો ૩. દૃષ્ટિથી ૪. ગુન્હો ૫. રસ્તો ૬. તે ૭. ચંદ્રનો પ્રકાશ ૮. ચંદ્ર વિકાશી કમલ-કુમુદ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (મેં જાણી તુમારી પ્રીતિ પરપંચ ગાલારે-એ દેશી)

હવે જાણી **મલ્લિજિણંદ** મેં માયા[1] તુમારી રે
તુમે કહેવાઓ નિરાગ, જુઓ વિચારી રે૦..(૧)
પ્રભુ ! તેહશું ત્હારી વાત, જે રહે તુજ વલગારે[2]
તે મૂલ ન પામે ઘાત, જે હોવે અળગારે[3]૦..(૨)
તુમે કહવાઓ નિર્ગ્રંથ, તો ત્રિભુવન કેરી રે
પ્રભુ ! કેમ ધરો ? ઠકુરાત,[4] કહેશો શું ફેરી રે૦..(૩)
તુમે વારો ચોરી નામ, જગતચિત ચોરો રે
તુમે તારો જગના લોક, કરાવો નિહારો[5] રે૦...(૪)

પ્રભુ ! મોટા કેરી વાત, કહે કુણ જાણે રે !
તુમે બોલો થોડા બોલ, ન ચૂકો ટાણે રે૦...(૫)
પ્રભુ ! તુજશું મ્હારે પ્રીતિ, અભેદક[૬] જાગી રે
મ્હારા ભવ ભવ કેરી આજ, ભાવઠ[૭] સહુ ભાગી રે૦...(૬)
ગુરુ વાચક વિમલનો શિષ્ય, કહે ગુણ રાગે રે
ઈમ પરમ **મલ્લિજગદીશ**, મિળ્યો તું ભાગ્યે રે૦...(૭)

૧. પદ્ધતિ ૨. શરણે ૩. દૂર ૪. ઐશ્વર્ય ૫. આગ્રહ ૬. આંતરા વિનાની ૭. ભ્રમણા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (મેઘ અંધારી રાતડી નેં મીઠડા બે અસવાર-એ દેશી)

મિથિલા નયરી રે અવતરીયા ને, **કુંભનરેસર** નંદ
લંછન સોહે રે કલશતણું ને, નીલવરણ સુખકંદ૦...(૧)
**મલ્લિ**-જિનેસર રે મન વસ્યો ને, ઓગણીશમો અરિહંત
કપટ [૧]ધર્મના રે કારણથી, પ્રભુ કુમરીરૂપ ધરંત૦...(૨)
સહસ પંચાવન રે વરસ સુણોને, આઉતણો પરિમાણ
માત **પ્રભાવતી** રે ઉદરે ધર્યા,પણવીશ[૨] ધનુષતનુ માન૦...(૩)
સહસ પંચાવન રે સાધવીઓ ને, મુનિ ચાલીશ હજાર
**સમેતશિખર** રે મુગતે ગયાને, ત્રણ ભુવન આધાર૦...(૪)
અડ[૩] ભય ટાળી રે આપ થકીને, જિણે બાંધી અવિહડ પ્રીત
**રામવિજય**નારે સાહિબની, છે અવિચળ એહીજ રીત૦...(૫)

૧. પૂર્વજન્મની માતાના કારણે ૨. પચ્ચીશ ૩. આઠ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (કાંન સિધાવો વૃંદ્રાવનકો-એ દેશી)

સંજમ લેવા **મલ્લિ** ઉમાહ્યો, મિત્ર મિલ્યા ખટ આય
પૂરવપ્રીતિ સંભાળોજી તારો અમને સ્વામી;
કરૂણાનયણ નિહાળોજી-તા૦ કુગતિ પડતાં પાળોજી,
તારો સેવાથી મત ટાળોજી તારો આયુ સિધાવે પલ પલ પ્રભુજી
યૌવન દોડયો જાય પૂરવ- કુગતિ- સેવા૦(૧)

અથિર કુટુંબ એ સુપન સરીખો, જાતાં નહીં કાંઇ વાર
જનમ-મરણથી ઈણ સંસારે, નહિ કોઈ રાખણહાર
પૂરવ૦ કુગતિ૦ સેવા૦(૨)

ચારિત્ર દેઈ અમ સેવકને, તારો જી જગનાથ
સ્વામી સલૂણો હિત શિક્ષા શ્યું, દ્યે દીક્ષા નિજ હાથ
પૂરવ૦ કુગતિ૦ સેવા૦(૩)

મુગતિવધૂના ભોગી કીધા, ભગતિવછલ તે તેહ
આજ અમારે વારે કીહાંથી, આવી ગાઢિમ[1] એહ
પૂરવ૦ કુગતિ૦ સેવા૦(૪)

સમદર્શીને કરવી ઘટે, ભિન્નપણાની[2] ઠેઠ[3]
પ્રેમેં પ્રકાશી **કાંતિ**ના સ્વામી, તારિશ તુંહિજ નેટ[4]
પૂરવ૦ કુગતિ૦ સેવા૦(૫)

---

૧. કડકાઈ ૨. જુદાપણાથી ૩. નજર ૪. છેવટે

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(કોણ ભરે રી જલ કોણ ભરે દલ વાદલીરો પાણી કોણ ભરે-એ દેશી)

કૌન રમે ચિત્ત કૌન રમે, મલ્લિનાથજી વિના ચિત્ત કૌન રમે
માતા પ્રભાવતી રાણી જાયો, કુંભનૃપતિસુત કામ[1]દમે—મલ્લિ૦ (૧)
કામ કુંભ જિમ કામિત[2] પૂરે, કુંભ લંછન જિન મુખ ગમે—મલ્લિ૦ (૨)
મિથિલાનયરી જનમ પ્રભુકો, દર્શન દેખત દુઃખ શમે—મલ્લિ૦ (૩)
ઘેબર ભોજન સરસાં પીરસ્યાં, કુકસ[3] બાકસ[4] કૌણ જિમે ?—મલ્લિ૦ (૪)
નીલ વરણ પ્રભુ કાંતિ કે આગે, મરકત મણિ છબિ દૂર ભમેં—મલ્લિ૦ (૫)
ન્યાયસાગર પ્રભુ જગનો પામી, હરિ હર બ્રહ્મા કૌણ નમે ?—મલ્લિ૦ (૬)

૧. કાબૂમાં લે ૨. ઇષ્ટ ૩. હલકું ધાન્ય ૪. ફોતરાં

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(ઝાંઝરીયા મુનિવર ! ધન્ય ધન્ય તુમ અવતાર-એ દેશી રાગ ગોડી-મિશ્ર)

મલ્લિનાથ મુજ વિનતિજી, અવધારો અરિહંત
દંભ વિના હું દાખવુંજી, અચરિજ એહ અત્યંત
ગુણવંતા સાહિબ ! દર્શન-જ્ઞાનનિધાન
તે આપીને કીજીયેંજી, સેવક આપ સમાન—ગુણ૦(૧)
વીતરાગતા દાખવોજી, રંજો સવિ ભવિચિત
અ-પરિગ્રહી ત્રિગડે વસોજી, ભોગવો સુરનાં વિત્ત—ગુણ૦(૨)
કુંભ કરે પદે સેવનાજી, લંછન મિસિ પ્રભુ. પાય
તેં તારક ગુણ આપીઓજી, ઘટમાં તુમ પસાય—ગુણ૦(૩)

કુંભથકી જે ઉપનોજી, મુનિપતિ મહિમાહિ
**પ્રભાવતી**નો નંદનોજી, મહિમાવંત અથાહ–ગુણ૦(૪)
લીલાલચ્છી દિંયે ઘણીજી, નીલ વાને અદીન
ન્યાયસાગર પ્રભુ પદકજેજી, મનમધુકર લયલીન–ગુણ૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(દેશી-જી હો)

જી હો ! **મલ્લિજિનેસર** ! મનહરૂં, લાલા ! અંતર એહ વિચાર
જી હો ! કોડિ સહસ વરસોતણું, લાલા ! અર-મલ્લિ વિચે ધાર
જિનેસર ! તું મુજ તારણહાર, જી હો જગત જંતુ હિતકાર–જિણે૦(૧)
જી હો ! ફાગુણ સુદિ ચોથે ચવ્યા, લાલા ! જનમ દીક્ષા ને રે નાણ
જી હો ! માગશિર સુદિ એકાદશી, લાલા ! એક જ તિથિ ગુણખાણ–જિણે૦(૨)
જી હો ! વરસ પંચાવન સહસનું, લાલા ! ભોગવી આયુ શ્રીકાર
જી હો ! ફાગુણ સુદિ બારસ દિને, લાલા ! વરિયા શિવવધૂ સાર–જિણે૦(૩)
જી હો ! નીલવરણ તનુ જેહનું, લાલા ! ચોત્રીશ અતિશય ધાર
જી હો ! પણવીશ ધનુષ કાયા કહી, લાલા ! વર્જિત દોષ અઢાર–જિણે૦(૪)
જી હો ! ચોસઠ ઇંદ્ર સેવા કરે, લાલા ! **જિન-ઉત્તમ** નિતમેવ
જી હો ! મુજ સેવક કરી લેખવો, લાલા ! **પદ્મવિજય** કહે હેવ–જિણે૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(પાંચમે મંગળવાર પ્રભાતે ચાલવું રે લો-એ દેશી)

સાહિબા ! મલ્લિજિનેસર ! નાથ! અનાથ તણો ધણી રે લો
સા૦ વસ્તુ સ્વભાવ-પ્રકાશક ભાસક દિનમણિ[૧] રે લો
સા- ધર્મ અનંતા સુખ દેતાં પરગટ થયો રે લો
સા૦ વસ્તુ સર્વ પર્યવસ ભાખી જિન ગયા રે લો...(૧)

સા૦ યુગપદ્ભાવી ને ક્રમભાવી પર્યવ કહ્યા રે લો
સા૦ જ્ઞાનાદિક યુગપદ્ભાવી પણે સંગ્રહ્યા રે લો
સા૦ નવ-જીર્ણાદિક થાય તે ક્રમભાવી સુણો રે લો
સા૦ શબ્દ-અર્થથી તે પણ દ્વિવિધ પરે સુણો રે લો...(૨)

સા- ઇંદ્ર હરિ ઈત્યાદિક શબ્દ તણા ભલા રે લો
સા૦ જે અભિલાષ નહિ તે અર્થપર્યવ-કળા રે લો
સા૦ તે પણ દ્વિવધિ કહી જે સ્વ-પર ભેદે કરી રે લો
સા૦ તે પણ સ્વભાવિ કે આપેક્ષિકથી વરી રે લો...(૩)

સા૦ સર્વ અતીત અનાગત સાંપ્રત કાળથી રે લો
સા૦ ઇત્યાદિક નિજ બુધ્ધે કરો સંભાળથી રે લો
સા૦ સમકાળે ઈમ ધર્મ અનંતા પામીયેં રે લો
સા૦ તે સવિ પ્રગટભાવથી તુમ્હે શિર નામીયેં રે લો...(૪)

સા૦ ષટદ્રવ્યના જે ધર્મ અનંતા તે સવે રે લો
સા૦ નહિ પ્રછન્ન[૨] સ્વભાવ અભાવ મુજ સંભવે રે લો

સા૦ પુષ્ટાલંબન તુંહી પ્રગટપણે પામીયો રે લો
સા૦ હું પણ હવે તુજ રીતે થવાને કામીયો રે લો...(૫)
સા૦ **મલ્લિનાથ** પરે હસ્તીમલ્લ થઈ ઝૂઝશું રે લો
સા૦ જયું ષટમિત્રાને બુઝવ્યા તિમ અમે બુઝશ્યું રે લો
સા૦ તસપરે **ઉત્તામ** શીશને મહેરથી નિરખીયેં રે લો
સા૦ **પદ્મવિજય** કહે તો અમ્હે ચિત્તામાં હરખીયે રે લો...(૬)

૧. સૂર્ય ૨. ગુપ્ત

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (પાંડવ પાંચ વાંદતા-એ દેશી)

**મલ્લિજિન** ત્રિભોવનપતિ, પ્રભુ સકલ પદારથ રૂપ રે
ચ્યાર નિક્ષેપે વર્ણવે, અનેકાંત ભૂમિના જે ભૂપરે-અને૦
અનૂપ સ્વરૂપ ? અનંત ગુણ આગરો સમકૂપ રે-અને૦(૧)
જીવ અજીવ ઉભયતણો, સંકેતન માત્ર જે શબ્દ રે
તદરથ વિષ્ણુ વર્તે સદા, મતિ નામનિક્ષેપે એ લદ્ધ રે—મતિ૦અનુપ૦(૨)
સદરથ વિરહિત આકૃતિ, સાકાર નિરાકાર ભેદ રે
ચિત્ર અક્ષાદિકમાં સહી, થાપના નિક્ષેપ અછેદ રે—થાપ૦અનુપ૦(૩)
ભૂત ભાવી જે ભાવનો, હેતુ તે દ્રવ્ય નિક્ષેપ રે
નિક્ષેપયોગ અથવા સહિ, હોવે તિહાં દ્રવ્ય આક્ષેપ રે—હોવે૦અનુપ૦(૪)
મૂલ અરથમાં પરિણમ્યો, અનુભવન ક્રિયાનો તે ભાવ રે
પરમ અર્થમય ગુણ વદે, એહ તુરિય-નિક્ષેપાનો દાવ રે—એહ૦અનુપ૦(૫)

નામાકાર દ્રવ્ય ત્રિણ કહ્યા, એક ભાવના સાધન હોય રે
ભાવ તે કારજ શુદ્ધ છે. તેહસ્યું ગુણીને રઢ હોય રે- —તેહ૦ અનુપ૦(૬)

સર્વ પદારથ વિશ્વમાં, હોય ચ્યાર પર્યાય સંયુક્ત રે
પૂર્ણ ગ્રાહક તે જિનમતિ, જિહાં નહી એકાંત મતીયુક્ત રે— જિહાં૦ અનુપ૦(૭)

નામથી **મલ્લિજિન** પ્રભુ,સ્થાપનાથી તુજ પ્રતિ બિંબરે
છઉમથ્થ ભાવે દ્રવ્યથી, ત્રિગડે સ્થિતિ ભાવાલંબ રે —ત્રિ૦ અનુપ૦(૮)

તુજ આગમ થકી મતિલહી, ગ્રહ્યો ચઉવિધ આતમરામ રે
**સૌભાગ્યલક્ષ્મીસૂરિપ્રતે**, પ્રગટે શુભયશ સુખધામ રે —પ્ર૦ અનુપ૦(૯)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**મલ્લિનાથ** મુજ ચિત્ત વસે, જિમ કુસુમમાં વાસ-લલના
ઉત્તમ નર જિહાં કિણ વસે, તિહાં થાયે સહી ઉલ્લાસ
લલના—મલ્લિ૦(૧)

સૂર્ય વિના જેમ દિન નહિં, પુણ્ય વિના નહિ શર્મ-લલના
પુત્ર વિના સંતતિ નહિ, મન-શુદ્ધિ વિના નહિ ધર્મ
-લલના-મલ્લિ૦(૨)

શુદ્ધ વિદ્યા ગુરૂ વિણ નહિ, ધન વિના નહિ માન-લલના
દાન વિના જિમ યશ નહિ, કંઠ વિના નહિ ગાન
-લલના-મલ્લિ૦(૩)

સાહસ વિના સિદ્ધિ નહિ, ભોજન વિના નહિ દેહ-લલના
વૃષ્ટિ વિના સુભિક્ષ નહિ, રાગ વિના નહિ દ્વેષ
-લલના—મલ્લિ૦(૪)

તેમ પ્રભુને સેવ્યા વિના મોક્ષ ન પામે કોય-લલના
મેં તો તુમ આણા વહી, જિમ **ઋદ્ધિ-કીર્તિ** હોય
-લલના—મલ્લિ૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**શ્રી મલ્લિ** જિનેશ્વર સાંભળો, કરું વિનતી મૂકી આમળો
વાત મીઠી તુજ મુજ હૃદય મલી, જાણે દુધમાંહે સાકર ભળી...(૧)

ભાવે મન મારે તુજ સેવા, વિંધ્યાચલ હાથી જિમ રેવા
મન મારૂં રે તુજ પદ કમલ રમે, ભમરો જિમ કમલે કમલ ભમે....(૨)

જીવ બાંધ્યો તુજશું સહી સાટે, જિમ દીપક તેલ મિલ્યા વાટે
તુજ રંગ લાવ્યો વિઘટે નહિ, જિમ ચોલ રંગે ફીટકી લહી...(૩)

છએ મિત્ર પૂર્વના પ્રતિબોધી, પહોંચાડયા સ્વર્ગપુરી સુધી
તુજ બિરૂદપણું સહી તો રહેશે, મુંજ સરીખો સેવક સુખ લેશે...(૪)

એક તાન કરી પ્રભુ શું રહું, તુજ આણ સદા શિરશું વહું
તિણ દીયો વંછિત સુખ **દાન**, નિરાબાધ લહું વિમલ સ્થાન...(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(પૂજ્યજી પધાર્યો હા આવિજિકો કકહયે-એ દેશી)

ધનધન તે દિન [1]જઇયેં દેખશું, સાહિબ તુમ મુખચંદો રે
મનમોહન જિન તું મન-વાલહો, દીઠે નયણાણંદો યે—ધન૦(૧)

**કુંભનરેશ્વર** વંશવિભાકર, ઉદયો અભિનવ ભાણ રે
**પ્રભાવતી** રાણીએ જનમીઓ, જિણે જીત્યો [2]પંચબાણ રે—ધન૦(૨)

તું પરમેસર તું જગદીસરૂ, અલવેસર અવધારો
રાત-દિવસ તુજ ગુણ-સ્મરણ કરી, સફળ કરૂં અવતારો રે—ધન૦(૩)

જો દિલ સાચો સેવક જાણીયે, તો મહિર કરે મહારાજો રે
જિમ ! કરૂણા કર ! અંતર ટાળીયે, તો સિઝે સવિ કાજો રે—ધન૦(૪)

**મલ્લિનાથ** જિન તુજ ગુણ-માલતી, મુજ મન-ભમરો લીન રે
**મેરૂવિજયગુરૂ** સેવક વિનવે, પ્રભુ ગુણ ગણ-આધીન રે—ધન૦(૫)

---

૧. જ્યારે ૨. કામદેવ

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-કાફી)

મલ્લિનાથજિન મેં થાંપર વારીયો-મલ્લિ૦

નીલવર્ણ અતિ અદ્‌ભૂત નીકી, મૂરત મોહનગારીવો—મલ્લિ૦(૧)

અજબ બની કુંભરાયકે કુલ મેં, તનયા તીરથધારીવો—મલ્લિ૦(૨)

પરભવ દંભ કીયે થે પાયો, બહુ મિત્રસોં અચરિજ ભારી વો—મલ્લિ૦(૩)

કાલ અનંતે ભવ્ય લહે કોઈ, જિનપદભાવ કુમારીવો—મલ્લિ૦(૪)

ષટ નૃપનંદનકોં પ્રતિબોધી, લે સંજમ વિધિ સારીવો—મલ્લિ૦(૫)

વેદછેદી આપ બિરાજે, ત્રિગડે ચોમુખ ધારીવો—મલ્લિ૦(૬)

અસી સુની પ્રભુદેશના કાલે, આગે જુરે છ નારીવો—મલ્લિ૦(૭)

પુરૂષોત્તમ ચોવીસોં જિનવર, અમૃત પ્રણમે કરારીવો—મલ્લિ૦(૮)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(આદિ જિનેસર વિનતિ-એ દેશી)

[1]મલ્લિજિનેસર વંદીયે, [2]નીલકમલદલ અંગ-લાલરે
તીર્થંકર પદ ભોગવ્યું, કુમરીરૂપે ચંગ-લાલરે—મલ્લિ૦(૧)

[3]મિથિલાનગરીનો રાજીઓ, [4]કુંભપિતા યશવંત-લાલરે
[5]દેવીનામે પ્રભાવતી, કુખે રયણ ગુણવંત લાલરે—મલ્લિ૦(૨)

સહસ પંચાવન વર્ષનું, [૬]જીવિત જગમાં સાર-લાલરે
પણવીશ ધનુષની [૭]દેહડી, [૮]કલશ લંછન શિવકાર-લાલરે—મલ્લિ૦(૩)
સહસ ચ્યાલીશ [૯]મુનિ જેહને, ગણધર[૧૦] અઠાવીશ સાર-લાલરે
સહસ પંચાવન [૧૧]સાધવી, નામે પ્રભુપદ શીશ-લાલરે—મલ્લિ૦(૪)
[૧૨]યક્ષકુબેર [૧૩]ધરણપ્રિયા, જિનશાસન રખવાળ-લાલરે,
**પ્રમોદસાગર** જંપે ઈશું, આપો વાણી રસાળ-લાલરે—મલ્લિ૦(૫)

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(જાટડીની-દેશી)

સુકૃતવલ્લિ-વિતાન વધારવા, શ્રી મલ્લિજિનવર જલધાર;
મોહમહા પલ્લિપતિ હરાવ્યો, ભવહલ્લીસક[૧] નહિ લગાર.—ત્રિ૦॥૧॥
ત્રિભુવન મોહ્યો પ્રભુજીને દરિસણે, જિમ મોહ્યા ષટ રાજન ।
તે પણ બોધ્યા જિન વચનામૃતે, પામ્યા શિવપુર સૌખ્ય નિધાન—ત્રિ૦॥૨॥
ત્રણસેં કુમરી રાજા તણી અમરી સરખું રૂપ ।
સાથે વ્રત અને દાન ગ્રહી લહ્યું, તિણે દિન કેવળજ્ઞાન અનૂપ—ત્રિ૦ ॥૩॥
મનકામિત સુખદાયક કુંભ જે, જગમે કામકુંભ કહેવાય ।
અગણિત દેતા સુણી લંછન મિષે; સેવે કુંભનૃપાંગજ પાય—ત્રિ૦ ॥૪॥
**પ્રભાવતી** પુત્રી સાવિત્રી જગતની, ઓગણીસમો તીર્થ નાથ ।
**વાઘજી** મુનિના શિષ્ય **ભાણચંદ્ર**ને, પાર ઉતારો ગ્રહી હાથ—ત્રિ૦ ॥૫॥

---

૧. સંસારની વિડંબના

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

**(તુમે ચોમાસે ચાકરી ન જાશો રે, રત આવીને આંબો મોહરિયો-એ દેશી)**

તુમે તીન ભુવનના સ્વામી રે મલ્લિજિનજી મુજને તારિયે
હવે ભાખું છું શિરનામી રે, મલ્લિજિનજી મુજને તારિયે
કાંઈ ખમજો ! માહરી ખામી રે, મલ્લિ૦ તુમે માહરા અંતર જામીરે –મલ્લિ૦
અતિ નેહ કરૂં હું તો અરજ કરૂં મલ્લિ૦ ફિરિ ફિરીને સાહિબ તોશું રે–મલ્લિ૦
તું તો ઉપશમ રયણાયરૂ, સેવે સુરનરના વૃંદા રે-મલ્લિ૦
તે માટે તુજને વિનવું, સહુ ટાળો કરમના ફંદારે–મલ્લિ૦।।૧।।
હું તો કાળ અનાદિ-અનંતનો, ઘણું વસિયો સુહમ નિગોદે રે,-મલ્લિ૦
વળી તિહાંથી બાદર આવીયો, વશ્યો કરમ તણે જ્યું વિનોદે–મલ્લિ૦।।૨।।
પુઢવી અપ તેઉ રહ્યો, હું તો વાયુ વનસ્પતિ માંહેરે–મલ્લિ૦
બિતિ-ચઉ-પંચેંદિ મણ વિણા, તિરિય નરય નિવાસ તિહાંયે રે–મલ્લિ૦ ।।૩।।
સુર-મનુષ થયો હું અનારજે, ઈમ ચિંહુ ગતિમાં રડવડીયો રે,-મલ્લિ૦
મેં તો જનમ મરણ બહુળાં કર્યાં, તું તો કહિયે હાથે ન ચઢિયો–મલ્લિ૦ ।।૪।।
કોઈ માહરા પુણ્યતણે બળે, હું તો તાહરે ચરણે આયોરે-મલ્લિ૦
**શ્રીઅખયસૂરીશે** કૃપા કરી, **ખુશાલમુનિ** સમજાયો રે–મલ્લિ૦।।૫।।

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(દેશી-પારઘીયાની)

નયરી **મિથિલા**એ રાજતો રે, **કુંભ** પિતાકુળ હંસ રે-મલ્લિજિન માહરા
**પ્રભાવતી** કૂખથી[1] જાતથી રે, ઉપન્યો તે જશ વંસરે—મ૦||૧||

પૂર્વકૃત્યના કૃત્યથી રે, માયાએ રચીઓ ફંદ રે-મ૦
[2]ત્રિયાદિકપણે તીર્થનીરે, અતિશય ધારી વૃંદરે—મ૦||૨||

આ ચોવીશીયે ઈણીપેરે, ઘણી રાખી જગખ્યાત રે-મ૦
કેઈકેઈ અંતર દાખવો રે, અદ્ભૂત એહ છે વાત રે—મ૦||૩||

જેહનો મન જિહાં વેધીઓ રે, તે વેધક સુવિલાસરે-મ૦
ચાખવી સમકિત સુખડી રે, હેળવીઓ એ દાસ રે—મ૦||૪||

સેવા જાણો દાસનીરે, લંછન કલશ નિધાનરે-મ૦
અનુભવે **ચતુર** એ આતમારે, દિનદિન ચઢતે વાનરે—મ૦||૫||

---

૧. શ્રેષ્ઠથી ૨. સ્ત્રીપણે

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(કરતાં સેતી પ્રીત સહુ હુંસી કરે રે-એ દેશી)

**મલ્લિનાથ** જગનાથ, ચરણ-યુગ ધ્યાઇયે રે-ચરણ૦
શુદ્ધાતમ-પ્રાગભાવ, પરમ પદ પાઈયે રે-પરમ૦
સાધક-કારક ખટ, કરે ગુણ સાધના રે-કરે૦
તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે—થાયે૦।।૧।।

કર્ત્તા આતમ દ્રવ્ય, કાર્યની સિદ્ધતા રે-કાર્ય૦
ઉપાદાન પરિણામ પ્રયુક્ત, તે કરણતા રે-પ્રયુક્ત૦ ।
આતમ-સંપદ દાન, તેહ સંપ્રદાનતારે-તેહ૦
દાતા પાત્ર ને દેય, ત્રિ-ભાવ અ-ભેદતા રે—ત્રિભાવ૦।।૨।।

સ્વ-પર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે-તેહ૦,
સકળ-પર્યાય-આધાર, સંબંધ આસ્થાનથી રે-સબંધ૦ ।
બાધક-તારક ભાવ, અનાદિ નિવારવોરે-અનાદિ૦,
સાધકતા અવલંબી, તેહ સમારવો રે—તેહ૦।।૩।।

શુદ્ધ પણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યને રે-પ્રવ૦,
કર્તાદિક પરિણામ, તે આતમ-ધર્મ (મેં) નેરે-તે૦ ।
ચેતન-ચૈતન્ય ભાવ, કરે સમવેતમેં રે-કરે,
સાદિ-અનંતો કાળ,રહે નિજ ખેતમેં રે—રહે૦।।૪।।

પર-કર્તૃત્વ-સ્વભાવ, કરે ત્યાં લગીરે-કરે૦,
શુદ્ધ કાર્ય-રૂચિ ભાસ, થયે નવિ આદરેરે-થયે૦ ।

શુદ્ધાતમ નિજ કાર્ય-રૂચિ કારક ફિરેરે-રૂચિ૦
તેહિજ મૂળ સ્વભાવ, ગ્રહ્યો નિજ પદ વરેરે—ગ્રહ્યો૦॥૫॥

કારણ-કારજ રૂપ, અછે કારકદશા રે-અછે
વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યા રે-એહ૦ ।
પણ શુદ્ધ-સ્વરૂપ ધ્યાન, ચેતનતા ગ્રહે રે-ચેતન૦
તવ નિજ સાધક-ભાવ, સકળ કારક લહે રે-સકળ૦॥૬॥

માહરૂં પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભમી રે-પ્રગટ૦
પુષ્ટાલંબન રૂપ સેવ, પ્રભુજી તણી રે-સેવ૦ ।
**દેવચંદ્ર** જિનચંદ્ર, ભગત્તિ મનમેં ધરો રે, ભગતિ ।
અવ્યાબાદ અનંત. અખયપદ આદરો રે—અખય૦॥૭॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (સુણ જિનવર શેત્રુંજા ધણી જી)

**મલ્લિ** જિનેસર ![1] મોથકી જી, કરશો અંતર કેમ ?
પુરૂષ પિત્તળીયા પરિહરી જી, હૈડે ધર્યો તું [3]હેમ-વાલમજી ! વિનવું છું જિનરાજ ।૧॥
[4]લાયક-[5]પાયક-[6]અંતરોજી, રાખે નહિ પ્રભુ રેખ ।
ગુણ ઇત્યાદિક બહુ ગ્રહ્યાજી, તિણમેં મીન ન મેખ—વા૦॥૨॥
કરી કરુણા [7]મો ઉપરેજી, દો દિલ દેવ ! દયાલ ।
ખાસી ખિજમત માહરી જી, મુજરો લીજે[8]મયાલ—વા૦॥૩॥
જલ અંજલિ દરિયો દીયેજી, ઓછો કેતો તે હોય ?
અવધારી [9]નય એહમાંજી, સેવક-સનમુખ જોય—વા૦॥૪॥

નીલ-વરણ તનુ નાથનુંજી, મોહ્યા સુર-નર-વૃંદ ।
**જીવણ જિન** હેતથી હવેજી,ચડત કલા જિમ ચંદ—વા૦॥૫॥

૧. મારાથી ૨. હલકા ૩. સોના જેવા ઉત્તમ ૪. શ્રેષ્ઠ ૫. હલકાં ૬. ભેદભાવ ૭. મારા ૮. મયા-દયાના ભંડાર ૯. વાત

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (સાંભળજો મુનિ સંજમ રાગે)

પામ્યો અવસર એહ પિછાણો, મનમાં આલસ [1]માણો રે
સાહિબ મળિયો છે [2]સપરાણો, ટાળ્યાનો નહિ ટાણો રે—પામ્યો૦॥૧॥

સેવો જિનવર શિવ-સુખદાઈ, પરિહરી આશ પરાઈ રે
અવસર ભૂલે જે [3]અલસાઈ, ચૂકી તસ ચતુરાઈ રે—પામ્યો૦॥૨॥

લેખે ઉદ્યમ તો સવિ લાગે, અવસર જો હોય આગે રે
માળી તરુ સીંચે મન-રાગે, લહી ઋતુને ફલ લાગે રે—પામ્યો૦॥૩॥

માનવભવ પામીને મોટો, ખિણ-ખિણ મ કરો ખોટો રે
અશુભ-કરમનો કાઢો ઓટો, તો ભાંજે સવિ તોટો રે—પામ્યો૦॥૪॥

જિનવર **મલ્લી** જ્યો જયકારી, [4]નખરી વાત નિવારી રે
**દાનવિજય** પ્રભુ છે દાતારી, સંપત્તિ આપે સારી રે—પામ્યો૦॥૫॥

૧. મ આણો, રચનાશૈલિથી પરસ્પર સંધિ કરી જણાય છે ૨. હોંશિયાર ૩. આળસ કરી ૪. અશુભ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(સહીયા ! શેત્રુંજાગઢ ભેટણ ચાલો હો-એ દેશી)

મલ્લિ-જિનેસર મહિમા-ધારી, સોહે સુરતિ અતિશય સારી હે !
મૂરતિ ભવિયણ મોહનગારી, દૂર ન મુકી જાય લગારી રે—મલ્લિ૦॥૧॥
અરજ સુણીજે એક અમારી, એ મુજ તુજ પર વારી હે !
જોગી પણ જગે આણ ચલાવે, રાજરાણા તુજ ગુણ ગાવે હે—મલ્લિ૦॥૨॥
જે સહુ ઠામે સમતા રાખે, દેવ પરમપદ તું તસ દાખે હે !
રાત-દિવસ હું તુજ જસ ગાઉં, તો પણ મુજરો કાં ન પાઉ હે—મલ્લિ૦॥૩॥
તું પોતાનો પરનો ન જાણે, લોક વિવેકી સહુ વખાણે હે !
એહ સહજ કિમ આવે ટાણે, જીમિયે તો જો ભોજન ભાણે હે—મલ્લિ૦॥૪॥
નિગુણો પણ નેહે નિરવહીએ, સઘલા સુગુણ કિહાંથી લહીયે હે !
જલ-થલ મેઘ સમા સદ્દહીએ, સાચો સાહિબ ઈણ ગુણ કહીએ હે—મલ્લિ૦॥૫॥

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(તુજ શાસન અમૃત મીઠું-એ દેશી)

સેવો ભવિયણ ! મલ્લિ-જિનેસર, ભાવ-ભગતિ મન આણી રે
-મારો જિનજી સુહાવે
ગંગોદક જલ કુંભ ભરી ભરી સ્નાત્ર કરો ભવિ પ્રાણી રે
મારો જિન મનોહારી—મારો૦ ॥૧॥
કેશર ચંદન ભરીય કચોલી, આણી ફૂલ ચંગેરી રે—મારો૦
નવ-અંગે પૂજો મૂરતિ, મલ્લિ-જિનેસર કેરી રે—મારો૦॥૨॥

દેવાધિદેવતણી જે પૂજા, કીજે આઠ-પ્રકારી રે-મારો૦
તે તો આઠ મહા-સિદ્ધિ આપે, આઠે કરમ નિવારી રે—મારો૦ ॥૩॥

ધન તે દીહા ! જીહા તે ધન ! જેણે પ્રભુ ગુણ ગાઈ જે રે-મારો૦
જિણે પ્રભુ દેખી હરખ લહીજે, સો નયણાં ફલ લીજે રે—મારો૦ ॥૪॥
જિણ નયણે દીઠો એ જિનવર, તેહીજ જિન હૈયે વહીયે રે—મારો૦
ધન તે હૈડું નયન થકી પણ, અધિક કૃતારથ કહીયે રે—મારો૦ ॥૫॥

તે ધન હાથ ! જેણે પ્રભુ પૂજે, તે ધન શિર ! જેણે નમીયે રે—મારો૦
જિન-ગુણ ગાતાં ભક્તિ કરતાં, શિવ-રમણીશું રમીયે રે—મારો૦ ॥૬॥
શિવ-સુખકારી ભવ-ભય-હારી, મૂરતિ મોહનગારી રે-મારો૦
કહે કેશર નિત સેવા કીજે, મલ્લિ-જિનેસર કેરીરે—મારો૦ ॥૭॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

**(થાંરી આંખડી થાંરો ઢંઢો પાણી લાગણો મારૂજી-એ દેશી)**

પ્રભુ મલ્લિ-જિણેસર ભુવન-[1]દિણેસર દેવ રે-સોભાગી
સુર-નર-વિદ્યાધર કિંનર સારઇં સેવ રે-સોભાગી
નીલ-રયણ-વરણ તનું [2]છબિ અતિરાજઇ બહુપરઇં-સોભાગી
જસ સુંદર [3]સૂરતિ મોહન મૂરતિ મનહરઇં-સોભાગી । -સોભાગી રે
ગુણરાગી રે, વૈરાગી રે, વડભાગી રે સોભાગી૦ ॥૧॥

જે રુપ-[4]પુરંદર ગુણ-મણિ-મંદિર દીપતો-સોભાગી
છાંડી સહુ છલનઇં [5]રતિપતિ બલનઇં જીપતો-સોભાગી

મિથ્યામતિ ભેદી આગમ વેદી-અભિનવો-સોભાગી
ભવિ ભાવ ધરીને એ સાહિબના ગુણ થવો–સોભાગી૦॥૨॥

દુઃખ-દોહગ વારણ ભવ-જલ-તારણ એ સમો-સોભાગી
નવિ બીજાકોઈ જુગતે જોઇ એહને નમો-સોભાગી
બહુ પુણ્યે [૬]કામ્યો નરભવ પામ્યો [૭]કાંગડો-સોભાગી
ભોલાજન ભમતા જણ-જણ નમતાં કાં ભમો–સોભાગી૦॥૩॥

છાંડી અવરની સેવા દેવના દેવની કીજે-સોભાગી
મન ધરિય [૮]ઉમાહો અવસરઇ લાહો લીજે-સોભાગી
નિત જે ચિત માહે મન મનોરથ કીજે-સોભાગી
જસ [૯]પય-કજે સેવ્યાં [૧૦]નિહચઇ કરિ તે પામે–સોભાગી૦॥૪॥

ઇમ જાણી આણી હિયડે અધિક વિશ્વાસ રે-સોભાગી
ચિત ચાહ ધરી પ્રભુ-સેવા કીધી ખાસ રે-સોભાગી
કહે કરજોડી **વૃદ્ધિ વિજય**-કવિ સીસ રે-સોભાગી
સ-સનેહા સાહિબ પૂરીઇ અમ્હ સુ-જગીશ રે–સોભાગી૦॥૫॥

---

૧. સૂર્ય ૨. કાંતિ ૩. ચહેરો ૪. ઇંદ્ર ૫. કામદેવ ૬. ઇચ્છેલ ૭. શ્રેષ્ઠ ૮. ઉમંગ ૯. ચરણ કમળ ૧૦. નિશ્ચયે કરી

## કર્તા : શ્રી રુચિરવિમલજી મ.

(પીછોલારી પાલ આંબાદોઈ રાવલા મ્હારા લાલ એ-દેશી)

મલ્લી જિનેસર દેવ, સેવું ત્રિભુવન ધણી-જિનજી !
પ્રભુજી પ્રાણ આધાર, આશ્યા પ્રભુજી તણી-જિનજી !
આવૈ દેખણ [1]દીદાર, કે સુર રમણી ઘણી જીનજી
મોહ્યાં સુરનર [2]રાણ-વાંણી પ્રભુની સુણી જિનજી ! -મલ્લિ૦॥૧॥

અરજ કરું [3]એકધ્યાન, ન માનો વિનતી-જિનજી !
શ્યો અપરાધ અ-ગાધ ? ન જાણો [4]મીનતી જિનજી ।
જાગી પ્રભુજીસ્યું પ્રીત જે પૂરવલી હતી-જિનજી !
કરસ્યેં ઓર ન કોય, અરજ માહરી વતી-જિનજી ! મલ્લિ૦॥૨॥

મનમૈ અધિક વિચાર, કરૂં હું શ્યા ભણી-જિનજી !,
[5]આસંગાયત આશ પૂરો શો [6]આફણી ।
લાજ વહો જિનરાજ કેં બાંહ ગહ્યાં તણી-જિનજી !,
તુમ ચરણે ચિત ચાહ ઉછાહ વધામણી-જિનજી૦ મલ્લિ૦॥૩॥

માહરે તુંહીજ સ્વામી નહી સંદેહડો-જિનજી !,
સાહિબ પણ મનમાંહિ સેવક કરી [7]તેવડો—જિનજી !।
સમરથ સાહિબ જાણી ચરણ આવી અડયો-જિનજી !,
જાગ્યું ભાગ્ય [8]પંડુર પ્રભુ ચિત્તમેં ચડયો-જિનજી ! મલ્લિ૦॥૪॥

રાજ ! નિવાજો આજ સેવક ચિતમાં ધરી-જિનજી !,

શું કહીએ [૯]અવદાત જાણો માહરાં ચરી-જિનજી ! ।
એહ માહરો ઈમ જાણી તારો બાંહેં કરી-જિનજી,
**રૂચિર પ્રભુજી** પાય સેવા સંપત્તિ વરી–જિનજી ! મલ્લિ૦ાાપાા

---

૧. ચહેરો ૨.રાજાઓ ૩. એકચિત્તથી ૪.પ્રાર્થના ૫. વધુ પ્રેમવાળા ૬. પોતાની મેળે ૭. ગણો ૮. નિર્મળ ૯. વિગત

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (ધન ધન શ્રી ઋષિરાય અનાથી-એ દેશી)

**ધર્મ** કરતાં પાપ જ વલગું, એ ઉખાણો સાચો રે
**મલ્લિ-જિણેસર વચણ** સુણીને, બાહિર-દૃષ્ટિ ન રાચો રે–ધર્મ૦ાા૧ાા

પૂરવ-ભવ માયા તપ કીધો, સ્ત્રી-વેદ તિહાં ઉપજાવ્યું રે
તપ-જપ ચારિત્ર કિરિયા [૧]વિચિમઇં, બલ માયાનું ફાવ્યું રે–ધર્મ૦ાા૨ાા

માયા તો જગ મીઠી પાલી, પ્રાણનઇં [૨]લ્યઇ [૩]ઉલ્લાલી રે
ક્રોધાદિક તો ચઢ્યા જણાઈ, એ ન જણાઈ સુઆલી રે–ધર્મ૦ાા૩ાા

સરસ આહાર-પૂજાના વાંછક, તે મુખઈ માયા ધોલઈ રે
મુગ્ધ-નરને [૪]ભાંમઇ પાડી, બેઠા પેટ પંપોલઈ રે–ધર્મ૦ાા૪ાા

તપ-જપ વ્રત તેહનાં શુદ્ધ કહીઈ, જે માયા નવિ ધરસ્યઈ રે
**શ્રી ભાવપ્રભ** કહે તે તરસ્યઇ, **મલ્લિ-જિન**નું કહિઉં કરશ્યે રે–ધર્મ૦ાાપાા

---

૧. વચ્ચે ૨. લે ૩. અવ્યવસ્થિત ૪. ભ્રમણામાં

## કર્તા :શ્રી રતનવિજયજી મ.

### (જગપતિ નાયક નેમિ જિણંદ એ દેશી)

જગપતિ ! સાહેબ **મલ્લિ-જિણંદ**, મહિમા મહિઅલ ગુણ-નીલો ।
જગપતિ ! દિનકર જ્યું ઉદ્યોત-કારક વંશે કુલતિલો..॥૧॥
જ૦ પ્રબલ પુણ્ય-પસાય, ઉદ્યોત નરકે વિસ્તરે ।
જ૦ અંતરમુહૂર્ત તામ, શાતા-વેદની અનુસરે..॥૨॥
જ૦ શાંત-સુધારસ-વૃષ્ટિ, તુજ મુખ-ચંદ્ર થકી ઝરે ।
જ૦ પડિબોહે ભવિ-જીવ, મિથ્યા-તિમિર દૂરે કરે..॥૩॥
જ૦ ભવ-સાગરમાં જહાજ, ઉપગારી-શિર-સેહરો ।
જ૦ તુમ દરશનથી આજ, કાજ સર્યો હવે માહરો..॥૪॥
જ૦ દીઠે મુખ-કજ તુજ, નાઠા ત્રણ પ્રભુ માહરે ।
જ૦ દારિદ્રય-પાપ-દુર્ભાગ્ય, પુષ્ટાલંબન તાહરે..॥૫॥
જ૦ ભવ-ભવ-સંચિત જેહ, અઘ નાઠાં ટળી આપદા ।
જ૦ જાચું નહિ કીશો દામ, માગું તુમ પદ-સંપદા..॥૬॥
જ૦ થુણીઓ મન ધરી નેહ, ઓગણીસમો જિન સુખ-કરૂ ।
જ૦ નીલ-રયણ તનુ-કાંતિ, દીપતી રૂપ મનોહરૂ..॥૭॥
જ૦ **જિન-ઉત્તમ**-પદ-સેવ, કરતાં સવિ સંપદ મલે ।
જ૦ **રતન** નમે કરજોડ, ભાવે ભવોદધિ ભય ટળે..॥૮॥

## કર્તા : શ્રી માણેકમુનિજી મ.

(ઢાલ-સીરાહિઓ સેહરો હો કિ ઉપરિ જોધપુરી-એ દેશી)

મલ્લિ-જિનેસર હો કિ, ભવિયાં ભાવ ધરી,
પ્રણમો પરમેસર હો ! કિ [1]મદન-ગતિ [2]ગહરી ।
મન વંછિત પૂરિ-હો કિ આપદિ ઉધરી,
દુઃખ-સંકટ ચૂરઈ, હો કિ આપિ [3]અવલ્લ [4]સિરી...॥૧॥

ઘસી કેસર ચંદન હો ! કિ કસ્તૂરી ય ખરી,
અંબર મનરંજન હોકિ માંહિ મલયાગિરી ।
[5]ચરચો કરી [6]મજ્જન હો ! કિ કનક કચોલી ભરી,
[7]ભાવઠિ ભય-ભંજન હો કિ, થુણીઈ વિવિધ પરી...॥૨॥

કરી આરતી મંગલ હો ! કિ, દીપક હોડિ કરી,
હરો અરતિ અમંગલ હો, કિ મંગલ લચ્છી વરી ।
બહુ અગર કપૂરઇં હો ! કિ ધૂપ ન સાદરી,
કરતાં તિહાં દૂરિ હો કિ-દુરગતિ જાય ડરી...॥૩॥
જિમ જન્મ-મહોત્સવ હો ! કિ, સુરગિરિ ઉપરિ,
મલી દેવ ! નિ દાનવ હો ! કિ, પૂજઇં સકલ [8]હરી ।
તિમ એ જિન ચરચી, હો કિ-ભવ-જલરાશિ તરી,
બહુ કરમ-દલ ખેરવી ! હો કિ વશઇં મુગરી...॥૪॥
પંચમ-ગતિ-ગામી હો કિ-સ્વામી ચાકરી,
કીજઈ સિર નામી હો ! કિ આલસ પરી ।

માણેકમુનિ ભાવઇં હો ! કિ-ગાવઇં રંગભરી,
સુખ સંપદ પાવઇ હો ! કિ ધ્યાવિ [૯]દિવસ ધુરી...।।૫।।

૧. કામની ગતિ ૨. ગંભીર ૩. શ્રેષ્ઠ ૪. લક્ષ્મી ૫. વિવેચન કરો ૬. પ્રક્ષાલ ૭. ભ્રમણ ૮.ઈંદ્ર ૯. સવારે

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(જોધપુર જાજ્યો લાલ ઝરી લાવજ્યો જોધપરી રે,**
**(જોધપૂર રાજાનું જુનું ગામ રે લાવો રંગ જોધપરી રે-એ દેશી)**

મલ્લિ-જિણંદ દયાલ રે, સેવો લાલ જોગીસરુ રે ।
પ્રાણ-જીવન-પ્રતિપાલ રે, આછો રંગ જોગીસરુ રે ।।
પૂરવભવ ષટ મિત્ર સલૂણે, પ્રતિબોધ્યા તે રાજાન રે-
આછો૦ મલ્લિ૦ સેવો૦ પ્રાણ૦।।૧।।

ધ્યાયક દાયક મોક્ષ સલૂણે, કરે-તવ આપ-સમાન રે ।
થયો જગે પવિત્ર જયંત વિમાને, નંદન દેવ રમણિક રે—આછો૦ ।
ત્યાંથી ચવીને રહ્યો મિથિલામે, મુગતિ કરવા નજીક રે૦
-આછો૦ મલ્લિ૦ સેવો૦ પ્રાણ૦।।૨।।

અશ્વિની અશ્વ-જોની જિન જાયા, દેવ-ગણ સુર ગુણ ગાય રે-આછો૦ ।
[૧]અજરાશિ [૨]પદ કુંભવિરાજેં સરસ [૩]પીયંગુદસમકાય-
-આછો૦ મલ્લિ૦ સેવો૦ પ્રાણ૦।।૩।।

સંજમ નારી કરી પ્રભુ પ્યારી, અહો રાત્રિ તસ ધ્યાન રે-આછો૦ ।
યોગ ટલેં અશોક તરું હેઠેં, ઉદયો કેવલ-નાણ રે૦
-આછો૦ મલ્લિ૦ સેવો૦ પ્રાણ૦ ।।૪।।

સમવસરણ બેસી જિનરાજેં, કેઈ તાર્યા નર નાર રે-આછો૦ ।
અ-વિચલ ધામ દીપેં અ-વિનાશી, પંચ સયાં-પરિવાર રે-
આછો૦ મલ્લિ૦ સેવો૦ પ્રાણ૦ ।।૫।।

---

૧.મેષ ૨. લંછન ૩. પ્રિયંગુની લતા જેવી લીલી કાયા

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિજી મ.

### (વીર જીણેસર ચરણ કમલ-એહની ઢાલ)

મિથિલા નયરી અ (૧) કુંભરાય (૨) પ્રભાવતી રાણી (૩)
જયંત વિમાણહં (૪) રાશિ મેષ (૫) લંછન કુંભ જાણી
(૬) પણવીસ ઘણું (૭) તણુ અધિક મીલ (૮) જિન
રુકખ અસોગ (૯) મિહિલાયઇ સંજમ લીયઉ ય
(૧૦) અઠમ તપ જોગ (૧૧) ।।૧।।
જીવિઅ [1]પણવન સહસ[2]વાસ (૧૨) વિસસેણ આહાર (૧૩)
મિહિલા નયરી નાણ ગેહે (૧૪) વીસ અડ ગણહાર (૧૫)
અર-મલ્લી જિન અંતરઉ ય કોડિ સહસા વાસ (૧૬)

મુનિ વર સહસા ચત્ત (૧૭)
તેમ રિખ અસ્સિણિ જાસ (૧૮) ॥૨॥
સાહુણી સહસા પંચ (૧૯) સાવય ઈગ લાખ,
સહસઅતિઆસી ઉપરા ય (૨૦) સાવિઅ તિનિ લખ્ખ ।
સત્તરિ સહસ (૨૧) કુબેર જખ્ખ (૨૨) વઈરૂટ્ટાદેવી (૨૩)
સિધ્ધિ પામી સંમેત સિહરિ (૨૪) પણમું નિત મેવી. ॥૩॥

---

૧. પંચાવન ૨. વર્ષ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (જી રે સફલ દિવસ થયો આજનો-એ દેશી)

જી રે ! મહિમા **મલ્લિ**-જિણંદનો માની માહરે મન ।
**મોહમહીપતિ** જીતીઓ, વલી તસ પુત્ર **મદન**..॥૧॥
નિત નમીઈં નિરાગતા, નમતાં હો એમ ભવ છેહ ।
દુઃખ-દોહગ દૂરેં ટલેં એહમાં નહી સંદેહ—નિત૦..॥૨॥
જી રે ! **મલ્લિ** જિણંદની સાહ્યબી, દેખીને રતિ-પ્રીત ।
વચન કહેં કંતને, પ્રતિ પ્રમદાની રીત—નિત૦..॥૩॥
જી રે ! નાથ ! કહો એ કુણ અછેં કહે એ જિનદેવ ।
જિન તે કિ મનુજ વશ નહિં, કહો ઈમ સત્યમેવ—નિત૦..॥૪॥
જી રે ! નહિં પ્રતાપ ઈહાં માહરો, તો વૃથા પૌરુષ તુઝ ।
હરાવ્યો મોહ માહરો પિતા, તો શ્યો આસરો મુઝ ? નિત૦..॥૫॥

જી રે ! સાંભલી **રતી-પ્રીતી** બેં ત્રીજો કામ-સ-બાણ ।
મલી **મલ્લી** જિણંદની, શિર ધારી છેં આણ–નિત૦..।।૬।।

જી રે ! તે માટે મુજ વિનવું, વારો તેહ અશેષ૦ ।
ધો **સૌભાગ્ય-સ્વરૂપને** સુખ લબ્ધે વિશેષ–નિત૦..।।૭।।

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (સિદ્ધારથના રે નંદન વિનવું-એ દેશી)

સેવો **મલ્લિ-જિનેસર** મન ધરી, આણી ઉલટ અંગ ।
નિત નિત નેહ નવલ પ્રભુશું કરો, જેહવો [1]ચોલનો રંગ–સેવો૦।।૧।।

જિણે પામી વલી નરભવ દોહિલો, નવિ સેવ્યા જગદીશ ।
તે તો દીન-દુઃખી ઘર-ઘર તણાં, કામ કરે નિશદિશ–સેવો૦।।૨।।
પ્રભુ સેવ્યે સુર સાંનિધ્ય ઈહાં કરે, પર-ભવ અમરની રિદ્ધ ।
ઉત્તમ કુલ આરજ-ક્ષેત્ર લહી, પામીયે અ-અવિચલ સિદ્ધ–સેવો૦।।૩।।

પ્રભુ-દરિસણ દેખી નવિ ઉલ્લસે, રોમાંચિત જસ દેહ ।
ભવ-સાગર ભમવાનું જાણીયે, પ્રાયે કારણ તેહ–સેવો૦।।૪।।

જિન-મુદ્રા દેખીને જેહને, ઉપજે અભિનવ હર્ષ ।
ભવ-દવ તાપ શમે સહી તેહનો, જિમ વૂઠે [2]પુક્ખર-વર્ષ–સેવો૦।।૫।।

તુમ ગુણ ગાવા રે જિહવા ઉલ્લસે, પુણ્ય-પંડૂર હોય જાસ ।
બીજા ક્લેશ-નિંદા-વિકથા-ભર્યા, કરે પરની અરદાસ–સેવો૦।।૬।।

ગિરૂઓ સાહિબ સહેજે ગુણ કરે, આપે અ-વિચલ ઠામ ।
**શ્રી ગુરૂ ખિમાવિજય**-પય સેવતાં, સકલ ફલે જશ-[3]કામ સેવો૦॥૭॥

---

૧. વાટેલી મજીઠ ૨. પુષ્કરાવર્તનો વરસાદ ૩. ઈચ્છા

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

### (લાછલદે-માત-મલ્હાર-એ દેશી)

**મલ્લિજિનેસર-દેવ** ! સારે સુર-નર સેવ,
આજ હો ! જેહનો રે મહિમા મહિમાંહે ગાજતોજી..॥૧॥
નીલવરણ જસ છાય, પણવીશ ધનુષ્યની કાય-
આજ હો ! આયુ રે પંચાવન વરસ સહસનુંજી..॥૨॥
કુંભ-નરેસર તાત, **પ્રભાવતી** જસ માત,
આજ હો ! દીઠે રે આનંદિત હોયે ત્રિભુવન-જનાજી..॥૩॥
લંછન-મિષે રહ્યો કુંભ, તારક ગુણથી અ-દંભ,
આજ હો ! એહવા રે ગુણ વસીયા આવી તેહમાંજી..॥૪॥
**જ્ઞાનવિમલ**-ગુણ-નૂર, વાધે અતિ-મહપૂર-
આજ હો ! પાવે રે મનવંછિત પ્રભુના નામથીજી..॥૫॥

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-કનરો)

મેરે તુમહી હો સ્વામિ ! ધ્યાવતહું [1]વસુ જામ-મેરે૦ ॥૧॥
અન્યદેવ જે હરિ-હરાદિક, નહી તિનસોં કછુ કામ—મેરે૦ ॥૨॥
તુમ સુખ-સંપત્તિ શાતાદાતા, તુમહી હો ગુણગ્રામ—મેરે૦ ॥૩॥
**ગુણવિલાસ** મલ્લિજિન કિરપા કર, [2]જીઅ પાવે વિસરામ—મેરે૦ ॥૪॥

---

૧. આઠ પહોર ૨. જીવ

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(ઢાલ-ગરબાની)

**મલ્લિ** જિણેસર સાહિબારે લો
સિધિસાધ્ય કરૂણ જગસ્વામ રે જીરે
-જયો જયો કેવલ દિનમણિ રે લો
વિષય કલુષાય દુઃખ વારવા રે લો
જગ જપતાં મલ્લિ જિન નામ રે—જી રે જયો૦.....॥૧॥
પ્રભુજી ! ભવદુઃખ-[1]આવર્ત ભંજવા રે લો
[2]લહુ [3]ગંજવા [4]મોહમયંદરે-જી રે જયો
એકગિરાયેં અનેકનેં રે લો
કરુણા-કર હો સુખકંદ રે—જી રે જયો૦.....॥૨॥
દુરગતિ દૂરિ નિવારણો રે લો,

પતરી તારણો [6]નીર સંસાર રે-જી રે જયો૦ !
અતિશય ચોત્રીસ ઓપતાં રે લો,
શુદ્ધ વાણી પાંત્રીસ ગુણ સાર રે—જી રે જયો૦.....॥૩॥
વારક મિથ્યાતમ ભવ તણો રે લો,
દૃઢ ધારક શુદ્ધ સ્વભાવ રે-જી રે જયો૦ ! ધ્યાનાલંબી ધીરથી રે લો,
વશિ કીધો [7]વિષ-સ-વિભાવ રે. જયો૦.....॥૪॥
અનુભવ-આગર સાહિબારે લો
સુખસાગર કેવલ ધામ રે-જી રે જયો૦ !
જસ ભજતાં કુગતિ નસે રે લો,
મહી વાધેં સુજસ જસ ગામ રે—જી રે જયો૦......॥૫॥
**વડોદરા** નગર સોહામણો રે લો
જિહાં સંઘ સકલ સુખકાર રે-જી રે જયો !
ગુરુની ભગતિ કરેં ભલી ભાવસૂં રે લો
હીયેં આંણી હરખ અપાર રે;—જી રે જયો૦.....॥૬॥
સંવત અઢાર ચઉદે સમેંરે લો
ગુણ ગાયા **મલ્લિ જિણંદ** રે; જીરે-જયો !
ગણી **જગજીવન** ગુણ સ્તવેં રે લો
દેવ આપો અધિક આણંદ રે—જી રે જયો૦......॥૭॥

---

૧. સંસારના ખોટા-ચક્કર ૨. જલદી ૩. વશકરવા ૪. મોહરૂપસિંહ ૫. નાવ ૬. સમુદ્ર ૭. ઝેર જેવા વિભાવને

# શ્રી મલ્લિનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

મલ્લિનાથ મુખચંદ નિહાલું,
અરિહા પ્રણમી પાતિક ટાલું
જ્ઞાનાનંદ વિમલપુર સેર,
ધરણ પ્રિયા શુભવીર કુબેર

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

મલ્લિજિન નમીયે, પુરવલાં પાપ ગમીયે
ઈંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે
ભવમાં નવિ ભમિયે, સર્વ પરભાવ વમીયે
નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ દમીયે



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી મલ્લિનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : કુંભ રાજા | માતાનું નામ | : પ્રભાવતી |
| જન્મ સ્થળ | : મિથિલા | જન્મ નક્ષત્ર | : અશ્વિની |
| જન્મ રાશી | : મેષ | આયુનું પ્રમાણ | : ૫૫,૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૨૫ ધનુષ | શરીરનું વર્ણ | : નીલવર્ણ |
| પાણિ ગ્રહણ | : અવિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૩૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : એક અહોરાત્ર | દીક્ષા વૃક્ષ | : અશોક વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૨૮ | જ્ઞાન નગરી | : મિથીલા |
| સાધુઓની સંખ્યા | : ૪૦,૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૫૫,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૧,૮૩,૦૦ | આયુનું પ્રમાણ | :૦,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : કુબેર નુષ | શરીરનું વર્ણ | : ા |
| પ્રથમ ગણધરનું નામ | : અભીઅવિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ી |
| મોક્ષ આસન | : કાઉસ્સગ્ગ અહોરાત્ર | દીક્ષા વૃક્ષ | : ભવ |
| ચ્યવન કલ્યાણક | : ફાગણ સુદિ ૪ | જન્મ કલ્યાણક | : માગશર સુદિ ૧૧ |
| દીક્ષા કલ્યાણક | : માગશર સુદિ ૧૧ | કેવલજ્ઞાન કલ્યાણક | : માગશર સુદિ ૧૧ |
| મોક્ષ કલ્યાણક | : ફાગણ સુદિ ૧૨ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩